# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ–૩૮૮ ૧૧૦

AAU
કૃષવન્તો राष्ट्र कृषि संपन्नम्

વંચાણે લીધો:

૧. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/હિનિ/પ્લાન યોજના/ગ્રાન્ટ ફાળવણી/૪૦૨/૨૦૨૧ તા.૦૭/૦૫/૨૦૨૧

૨. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/હિનિ/પ્લાન યોજના/બાંધકામ ગ્રાન્ટ ફાળવણી/૪૦૧/૨૦૨૧–૨૨, તા.૦૭/૦૫/૨૦૨૧

૩. અત્રેની કચેરીના પત્ર જાનં.આકૃયુ/ડીઆર/પ્લાન–૨/૩૪૯/૧૯૮૪/૨૧,તા. ૦૬/૦૫/૨૦૨૧

૪. અત્રેની કચેરીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન–૧/૨૦૭૩–૭૭/૨૧, તા. ૧૧/૦૫/૨૦૨૧

**વિષય : વર્ષ ૨૦૨૧–૨૨ માં પ્લાન યોજનાઓમાં ફાળવેલ ગ્રાન્ટનો ત્રિમાસિક સમભાગે ખર્ચ કરવા બાબત...**

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્લાન યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૨૧–૨૨ માં ચાલુ કાર્યક્રમો હેઠળ હિસાબ નિયામકશ્રી દ્વારા સંદર્ભ–૧ ના કાર્યાલય આદેશથી પગાર–ભથ્થા, રીકરીંગ તથા નોન–રીકરીંગ સદરે ગ્રાન્ટની ફાળવણીના હુકમ કરવામાં કરવામાં આવેલ છે. સંદર્ભ–૧ ના કાર્યાલય આદેશથી પગાર–ભથ્થા તથા રીકરીંગ સદરે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પુરા વર્ષ માટેની છે. જેથી, યોજનાના હેતુઓ ઘ્યાને લઈને, જરૂરી આવશ્યક ખર્ચ કરવાનો રહેશે તેમજ વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવાનું રહેશે. પ્લાન યોજનાઓમાં વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે જોગવાઈ મુજબ ખર્ચ નહીં થાય અને રાજ્ય સરકારશ્રી તરફથી જોગવાઈમાં કાપ મુકવામાં આવશે અને તેના કારણે યોજનાની પ્રગતિમાં અસર પડશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

વર્ષ ૨૦૨૧–૨૨ માં પ્લાન યોજના સદરે મંજુર થયેલ નોન–રીકરીંગ સાધનોની યાદી સંદર્ભ–૩ ના પત્રથી યોજનાનાં નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપેલ છે. જ્યારે, વર્ષ ૨૦૨૧–૨૨ માં પ્લાન યોજનાઓમાં જુલાઈ, ૨૦૨૧ અંતિત નોન–રીકરીગ સદરે સાધનો તથા બાંધકામ અંગેનો ખર્ચ ખૂબ જ ઓછો થયેલ છે. જેથી, નોન–રીકરીંગ સદરે મંજુર થયેલ સાધનોની ખરીદી તાત્કાલીક ધોરણે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, કેટલીક પ્લાન યોજનાઓમાં એક કે તેથી વધુ જથ્થામાં સાધનો મંજૂર કરવામાં આવે છે. ત્યારે, મંજૂર થયા મુજબ સાધનોનો જથ્થો ખરીદવાને બદલે ઓછા સાધનોનો જથ્થો ખરીદવામાં આવે છે. જેથી, અત્રેની કચેરી દ્વારા ખાસ ઘ્યાન દોરવામાં આવે છે કે, મંજૂર થયેલ તમામ સાધનોની ખરીદી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. પ્રસ્તુત મંજુર થયેલ સાધનોની ખરીદી પૂર્ણ કરવામાં નહી આવે અને ભવિષ્યમાં પૂર્તતા કરવાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીની રહેશે.

જ્યારે, સંદર્ભ–૪ના કાર્યાલય આદેશથી ક્લાસીફાઈડ વર્ક્સની ગ્રાન્ટ અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાન્ટ સામે ૩૧ જુલાઈ, ૨૦૨૧ સુધી ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે. જેથી, ક્લાસીફાઈડ વર્ક્સની કામગીરી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જા.નં.: આકૃયુ/ડીઆર/પ્લાન–૨(૩૪૬)/ ४७३८ /૨૧,
તા. १८ /૦૮/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના:**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૩) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
(૪) પ્લાન યોજનાઓના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ તથા પ્લાન યોજનાઓમાં મંજૂર થયેલ બાંધકામો હેઠળ સંદર્ભ–૨ના કાર્યાલાય આદેશથી ફાળવેલ ગ્રાન્ટનો સમયસર ખર્ચ થાય તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.